અપીલ અરજી નં.૩૮૨ તા.૮–૧૧ –૧૧
ફોન નં. ૦૨૬૧ ૨૪૨૩૭૫૧/૫૧૮

અરજદારઃ – શ્રી ડો.પંકજ જયંતિલાલ ગાંધી
સામાવાળાઃ– ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી (સેન્ટ્રલઝોન)

**ફરીયાદની હકીકતઃ–**

વિષય :–આરટીઆઈ એકટ હેઠળ શ્રી ડો.પંકજ જયંતિલાલ ગાંધીની તા. ૧૭–૧૦–૧૧ની અરજીથી શ્રીજી કેમીકલ પ્રોવીઝન સ્ટોર્સ સી.ઝેડ/એસ/૩/૫૯૫૮ જે ગુમાસ્તાધારા હેઠળ મિલ્કત –૩/૨૩૮૦ માં નોંધાયેલ છે તો આ ગુમાસ્તાધારાનું નોંધણી પ્રમાણપત્ર કયા પુરાવાના આધારે આપેલ છે તેની વિગત તથા નોંધણી વખતે જમા કરાવેલ પુરાવાની નકલ આપવા વિનંતી. આરટીઆઈ એકટ અન્વયે આ અંગે ભરવા પાત્ર નાણા જાણ થયેથી હુ ભરવા તૈયાર છું નોંધાયેલ નામમાં કોઈ ફેરફાર ભુતકાળમાં થયેલ છે જો થયેલ હોય તો તેની માહિતી આપવા બાબત.

સંદર્ભ :–અરજદાર મજકુરની અપીલ તા.૮–૧૧–૧૧ ની **SMC/FAP/** નં.૩૮૨/૨૦૧૧–૧૨

શ્રી ડો.પંકજ જયંતિલાલ ગાંધીની તા. ૧૭–૧૦–૧૧ની અરજીથી શ્રી જી કેમીકલ પ્રોવીઝન સ્ટોર્સ સી.ઝેડ/એસ/૩/૫૯૫૮ જે ગુમાસ્તાધારા હેઠળ મિલ્કત–૩/૨૩૮૦ માં નોંધાયેલ છે તો આ ગુમાસ્તાધારાનું નોંધણી પ્રમાણપત્ર કયા પુરાવાના આધારે આપેલ છે તેની વિગત તથા નોંધણી વખતે જમા કરાવેલ પુરાવાની નકલ આપવા વિનંતી. આરટીઆઈ એકટ અન્વયે આ અંગે ભરવા પાત્ર નાણા જાણ થયેથી હુ ભરવા તૈયાર છું નોંધાયેલ નામમાં કોઈ ફેરફાર ભુતકાળમાં થયેલ છે જો થયેલ હોય તો તેની માહિતી આપવા બાબતે ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી (સેન્ટ્રલઝોન)ના પત્ર નં. સીઝેડ / એસ.એન્ડ.ઈ/ આઉટ નં./ ૨૪૧ તા. ૫–૧૧–૧૧થી મળેલા પ્રતિભાવથી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૮–૧૧–૧૧ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ,આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ, આપવા જોગ પૂરક માહિતીની વિગતો, વિલંબ /વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા તથા **અપીલના મુદ્દા અંગે પણ તમનો પક્ષ રજુ કરવા તથા બાબતે નકલ સહ હકીકતલક્ષી વિગતો મોકલવા પત્ર નં.આરટીઆઈ સેલ/૧૦૯૨ તા.૧૬–૧૧–૧૧ થી** ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી (સેન્ટ્રલઝોન) તથા અરજદારને મુળ અરજીથી માંગેલ માહિતી ,ફી ભર્યાની વિગત તથા જાહેર માહિતી અધિકારીના તા. ૫–૧૧–૧૧ ના પ્રત્યુત્તર નમુનો–'એ' ની વિગતે માહિતી મળ્યા બાદ મુળ માંગેલ માહિતીના અનુસંધાને મુદ્દાવાર આધાર સહ નારાજગી સ્પષ્ટ કરવા પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી સી.ઝેડ/ એસએન્ડઈ /આ.નં.૨૭૧ તા.૨૯–૧૧–૧૧ થી પૂરક વિગતોમાં નોંધ વિભાગ, અરજદારની મુળ અરજીની નકલ, અરજદારને આપેલી માહિતી અંગે પત્ર નં.સી.ઝેડ/એસએન્ડઈ/આ.નં.૨૪૧ તા.૫–૧૧–૧૧ ના પત્રની નકલ, એસ/૩/૫૯૫૮ નમુના–એ ના ફોર્મની નકલ અત્રે મળેલ છે. જયારે અરજદાર તરફથી તા.૧૯–૧૧–૧૧ ના પત્રની નકલ અત્રે મળેલ છે.

અરજદારની તા.૧૭–૧૦–૧૧ ની અરજીથી ઉપરોકત વિષયમાં નિર્દિષ્ટ બાબત હેઠળની માહિતી માંગતી અરજી જાહેર માહિતી અધિકારી સુરત મહાનગરપાલિકા મુગલીસરા ખાતે કરવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી પત્ર નં.સી.ઝેડ/આરટીઆઈ/એસએન્ડઈ/આ.નં.૨૪૧ તા.૫–૧૧–૧૧ થી '' નોંધણી નં.સી.ઝેડ/ એસ/૩/ ૫૯૫૮,ખાંગડશેરીના નાકે સલાબતપુરા, સુરત જેની નોંધણી તા.૨૬–૧૧–૮૭ ના રોજ ફોર્મ નમુનો 'એ' ભરી કરાવવામાં આવેલ છે. જેની સાથે ઉપલબ્ધ દફતરી રેકર્ડ જોતાં કોઈ માહિતી ઉપલબ્ધ નથી. '' તેવું જણાવેલ છે. જે અંગે અરજદારે નિર્દિષ્ટ સમયગાળામાં મળેલા પ્રતિભાવથી નારાજ થઈ તા.૮–૧૧–૧૧ ના રોજ અપીલ અરજી કરેલ છે.

જે અંગે અત્રેથી અરજદારને પાઠવવામાં આવેલ પૂરક પત્રમાં મુળ અરજી સંદર્ભે નારાજગી સ્પષ્ટ કરવા જણાવવામાં આવેલ પરંતુ અરજદારે તેમના પૂરક વિગતોમાં ફકત નમુના–એ ભરવાથી ગુમાસ્તાધારા લાયસન્સ મળી જાય છે તેવી રજૂઆત કરેલ છે. વધુમાં અરજદારે શ્રી અરવિંદ રતીલાલ અને તેનો છોકરો અશ્વિન મહેશ કેમીકલ એન્ડ કાં. (ટેના નં.૩બી–૧૩–૦૬૮૧–૦–૦૦૧) નામની દુકાનમાં નોકરી કરતા હતાં. કે જે દુકાન સને ૧૯૮૨ થી

ચાલી આવેલ છે આ દુકાનના માલિક દુકાન ન ચાલતી હોવાને કારણે છોડી જતા નોકરોને માલિક બનવાની ઈચ્છા થતા ગેરકાયદેસર રીતે અથવા તો કોઈ અધિકારીના મેળપીપણામાં અથવા તેઓને ગેરમાર્ગે દોરીને શ્રીજી કેમીકલ અને પ્રોવિઝન સ્ટોર્સ નામનું લાયસન્સ મેળવી લીધુ છે જે તદ્દન ખોટું છે એસએમસી ધ્વારા કોઈ પણ પગલ આ ખોટા લાયસન્સ ને રદ કરવા માટે નહીં લેવામાં આવતા તેઓ મિલ્કતમાં ગેરકાયદેસર રીતે ઘુસી જઈ માલિકોને બ્લેક મેઈલ કરીને પૈસા પડાવવાનો કારસો રચે છે આપશ્રીની સંસ્થાના જ બે જુદા જુદા વિભાગો દર્શાવે છે કે એક જ જગ્યામાં બે જુદી જુદી દુકાનો ચાલે છે આવું કઈ રીતે શકય છે? શું બીપીએમસી એકટ હેઠળ ૪ ફુટ× ૧૦ ફુટની દુકાનમાં કોઈ પણ જાતની સુરક્ષા પદાર્થોની વહેચણી વગર કેમીકલ અને ખાદ્ય પદાર્થો સાથે વેચી શકાય? શું કેમીકલ વેચવા માટે ફકત ગુમાસ્તાધારા જ જોઈએ? કેમ આરોગ્ય વિભાગ આંખ આડા કાન કરે છે? તેમજ ગુમાસ્તા લાયસન્સના પરવાના રદ કરવાની રજૂઆત કરેલ છે. આમ અરજદારે પૂરક વિગતોમાં અરવિદં રતીલાલ અને તેમના છોકરા ગેરમાર્ગે દોરી મિલ્કતમાં ગેરકાયદેસર ઘુસી જઈ પૈસા પડાવવાનો કારસો રચે છે તે તેમની તકરારી બાબત છે તકરાર નિવારણ સક્ષમ સત્તાને અલાયદી રજૂઆત કરવાની રહે. તેમજ એક જગ્યાએ બે દુકાનો ચાલે તેમજ કેમીકલ અને ખાદ્ય પદાર્થો સાથે વેચવા અને કેમીકલ વેચવા માટે ગુમાસ્તાધારા લાયસન્સ સિવાય અન્ય લાયસન્સ બાબતેની રજૂઆત એ અરજદારની મુળ અરજીથી અલાયદી છે. અરજદારની મુળ અરજીના પરિપ્રેક્ષ્યમાં જાહેર માહિતી અધિકારી તરફથી ગુમાસ્તાધારા નોંધણી અંગેનું ફોર્મ રજૂ કરેલ છે. જયારે ફોર્મ સાથેના અન્ય પુરાવાઓ દફતરે રેકર્ડ જોતાં ઉપલબ્ધ ન હોવાનું પણ જણાવેલ છે. આમ જાહેર માહિતી અધિકારી તરફથી અરજદારને દફતરી ઉપલબ્ધ હકીકત જણાવવામાં આવેલ છે.

## હુકમ

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા.૧૭–૧૦–૧૧ ની અરજીથી માંગેલ માહિતી જાહેર માહિતી અધિકારી તરફથી દફતરી ઉપલબ્ધ માહિતી પૂરી પડાયેલ હોઈ અપીલ અરજી અંગે વિશેષ કોઈ કાર્યવાહી કરવાની રહેતી ન હોઈ અપીલ અરજી દફતરે કરવામાં આવે છેતેમ છતાં અરજદારને માહિતી સમય અવધિમાં પૂરી પડાયેલ હોઈ ઈચ્છુક હોય તો લાગત રેકર્ડનું ઈન્સ્પેકશન આરટીઆઈ એકટની કલમ–૭(૩) સાથે નિયમ–પ હેઠળની ફી લાગુ કિસ્સામાં ભરપાઈ કરીને મેળવવા સ્વતંત્ર છે અને તે ધ્વારા જાહેર માહિતી અધિકારીએ આપેલ પ્રત્યુત્તરની ખરાઈ કરી શકે છે. અરજદારની તેવી માંગણી થયેથી જાહેર માહિતી અધિકારીએ ઈન્સ્પેકશન પુરું પાડી થયેલી કાર્યવાહીની અત્રે જાણ કરવા ઝોનચલીફ અને જાહેર માહિતી અધિકારી (સેન્ટ્રલઝોન)ને જણાવવામાં આવે છે.

અરજદારે મુળ અરજીથી અલાયદી ફરીયાદ હકીકતમાં જણાવ્યા મુજબ અપીલ તબકકે પૂરક વિગતોમાં ઉપસ્થિત કરેલ પ્રશ્નો અંગે લાગત જાહેર માહિતી અધિકારીને આરટીઆઈ એકટની જોગવાઈ અને નિયમોનુસાર અલાયદી અરજી કરી માહિતી મેળવવા સ્વતંત્ર છે. તથા ફરીયાદ હકીકતમાં જણાવ્યા મુજબ તકરાર નિવારણ બાબતે અપીલ તબકકે પૂરક વિગતોમાં રજૂ કરેલ પ્રશ્નો અંગે સક્ષમ સત્તાને અલાયદી રજૂઆત કરવા સ્વતંત્ર છે.

(પી.જે. ઝાલા)
ડે.કમિશ્નર (સ્પે.)
અને એપેલેટ ઓફિસર
સુરત મહાનગર પાલિકા

નં.આરટીઆઈસેલ/
તારીખ : –૧૨–૧૧

પ્રતિ,
(૧) ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી (સેન્ટ્રલઝોન) ....જાણ તથા અમલ માટે
(૨) શ્રી ડો.પંકજ જયંતિલાલ ગાંધી,